આકાશવાણી ભુજ

સમાચાર વાચક : વિરલ રાણા

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-04-07-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

# શિક્ષક ભરતી

**રાજ્ય સરકાર આગામી ઓગષ્ટથી ડિસેમ્બર મહિના સુધીમાં વિવિધ તબક્કે અંદાજે 24 હજાર 700થી વધુ શિક્ષકોની ભરતી કરશે.**

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગઈકાલે ગાંધીનગર ખાતે મળેલી મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. આ નિર્ણય અંગે વધુ વિગતો આપતાં રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્યની 1 હજાર 200 જેટલી અને જુના શિક્ષકની અંદાજિત 2 હજાર 200 જેટલી જગ્યાઓ ભરવા માટે સંભવિત જાહેરાત પહેલી ઓગષ્ટથી થશે.**

**સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ટેટ હાયર સેકન્ડરી પાસ શિક્ષણ સહાયક માટે સંભવિત જાહેરાત પહેલી સપ્ટેમ્બરથી રહેશે અને ટેટ સેકન્ડરી પાસ શિક્ષણ સહાયક માટે સંભવિત જાહેરાત પહેલી ઓક્ટોબરથી થશે.**

**સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી માધ્યમમાં અને અન્ય માધ્યમમાં વિદ્યાસહાયક તરીકે TET-2 પાસ ઉમેદવારો માટે સંભવિત ભરતી જાહેરાતની પહેલી નવેમ્બરથી થશે. અને એવી જ રીતે TET-1 પાસ ઉમેદવારો માટે સંભવિત ભરતીની જાહેરાત પહેલી ડિસેમ્બરે થશે.**

**વધુમાં પ્રવક્તામંત્રીએ જણાવ્યું કે, જાહેર થયેલી ભરતીમાં TET-1માં વર્ષ 2012થી 2023 સુધી પાસ થયેલા તમામ ઉમેદવારો તથા TET-2માં 2011થી 2023 સુધીમાં પાસ થયેલા તમામ ઉમેદવારો ભરતી નિયમોની જોગવાઈ અનુસાર ઉમેદવારી કરી શકશે.**

**RNU અમદાવાદ**

---

## ઈ-કુટિર પોર્ટલ

માનવ કલ્યાણ યોજનાનો લાભ લેવા ઇચ્છુક નાગરિકો ઇ-કુટિર પોર્ટલ અથવા મોબાઇલ એપ દ્વારા અરજી કરી શકશે.

રાજ્યના કુટિર મંત્રી બળવંતસિંહ રાજપૂતે ગાંધીનગરથી માનવ કલ્યાણ યોજનાની વર્ષ 2024-25 માટેની અરજી મંગાવવાનો આરંભ કર્યો.

આ ઉપરાંત મંત્રીએ વળતર માન્યતા ધરાવતી ઔદ્યોગિક સહકારી મંડળીઓની હાથશાળોના જીઓ ટેગીંગ દ્વારા વેરીફીકેશન માટેની મોબાઇલ એપ પણ લોન્ચ કરી.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં નાના પ્રકારના ધંધા-રોજગાર કરતાં સમાજના નબળા વર્ગના નાગરિકોને માનવ કલ્યાણ યોજના અંતર્ગત સાધન, ઓજારો એટલે કે ટુલકીટ આપવામાં આવે છે. અરજદારો આગામી બે મહિના સુધી ઇ-કુટીર ડોટ ગુજરાત ડોટ જીઓવી ડોટ ઇન પર ઓનલાઇન અરજી કરી શકશે.

**RNU અમદાવાદ**

---

## ભગવાન જગન્નાથની રથયાત્રા

રાજ્યમાં આગામી સાતમી જુલાઇએ અષાઢી બીજે ભગવાન જગન્નાથની 136 રથયાત્રાઓ, 73 શોભા યાત્રાઓ મળીને કુલ 209 યાત્રાઓ યોજાશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગાંધીનગર ખાતે મંત્રીમંડળની બેઠકમાં સલામતી તેમજ સુરક્ષા વ્યવસ્થા માટેની તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે.

**RNU અમદાવાદ**

---

## વરસાદ- જળાશયો

નૈઋત્યનું ચોમાસું રાજ્યમાં સક્રીય બનતા સાર્વત્રિક વરસાદની સ્થિતિ છે. ગત ચોવીસ કલાકમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં ભારે વરસાદ પડ્યો.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર કચ્છના મોટાભાગના વિસ્તારોમાં ઝરમરથી છૂટોછવાયો વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં થઈ રહેલા સાર્વત્રિક વરસાદને પરિણામે રાજ્યના ૨૦૬ જળાશયોમાં ૩૨ ટકાથી વધુ જળસંગ્રહ

નોંધાયો છે. દરમિયાન રાજ્યના પાંચ જળાશયો ૮૦ ટકાથી ૯૦ ટકા છલકાતા એલર્ટ પર છે. જેમાં જિલ્લાના મુંદરા તાલુકાનું કારાઘોઘા ડેમને એલર્ટ અપાયું છે.

RNU અમદાવાદ

---

## અવસાન

આકાશવાણી ભુજના જૂનાં કલાકાર અને કર્મચારી માલતીબેન ભટ્ટનું ગઈકાલે માધાપર ખાતે અવસાન થયું છે. તેમની વય 76 વર્ષની હતી. આકાશવાણી ભુજમાં તેમણે ઘણા કચ્છી કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. ચાય છાયજી સંગર કાર્યક્રમ લોકપ્રિય રહ્યો હતો. મહિલાઓના કાર્યક્રમમાં પણ તેઓ ભાગ લેતાં હતાં

સી.એફ. પટણી

---

## ગોધરા નીટ

સીબીઆઇ દ્વારા ગોધરા નીટ કૌભાંડના પાંચેય આરોપીની સાબરમતી જેલ ખાતે પૂછપરછ થશે.

ગોધરા નીટ કૌભાંડના પાંચ પૈકી ચાર આરોપીઓના રીમાન્ડ પૂર્ણ થતા ગોધરા કોર્ટમાં રજૂ કરાતા કોર્ટે તમામ આરોપીની કસ્ટડી સીબીઆઇને સોંપી દીધી છે. જેમાં તુષાર ભટ્ટ જય જલારામ સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતો ન હોવા છતાં નીટ પરીક્ષામાં સેન્ટર સુપ્રિટેન્ડન્ટ તરીકે રાખવામાં આવેલ, ત્યારે જય જલારામ સ્કૂલના સંચાલક દીક્ષિત પટેલે તુષાર ભટ્ટ સ્કૂલમાં એક વર્ષથી શિક્ષક તરીકે ફરજ બજાવતા હોવાનો દાવો કર્યો હતો.

RNU અમદાવાદ

---

## ભારતીય ક્રિકેટ ટીમ

**ટી20 વિશ્વકપ વિજેતા ભારતીય ટીમ આજે બારબાડોસથી દેશ પરત ફરી હતી. તેમનું ક્રિકેટ ચાહકો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આજે સવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે T-20 વર્લ્ડ કપ જીતનાર ભારતીય ટીમના ખેલાડીઓને મળશે.**

એર ન્યુઝ

---------------------------------------------------------------------------

RNU BHUJ